بسم الله الرحمن الرحيم

# સાતમી  વાઅઝ

૮ મોહર્રમુલ હરામ ૧૪૪૦ હિ

દારુસ સકીના મુંબઈ

## સૈયદના તાહેર ફખરુદ્દીન ત.ઉ.શ.

વાઅઝ સારાંશ

આકા મૌલા સૈયદના તાહેર ફખરુદ્દીન ત.ઉ.શ. એ મુમિનીન ને ખિતાબ કરતા ફરમાવ્યું કે એ મુમિનીન મૌલાના અલી ઈબ્ને અબી તાલિબ સ.અ. ના શીઆ ખોલોસા. જેવા મૌલા મોહમ્મદ એવા મૌલા અલી છે, એમ અકીદા ના રાખનાર તમે સગલા છો.

મૌલાના ત.ઉ.શ. નખીલ (ખજૂરી) સૈહાની ની ઝિકર ફરમાવી. રસૂલુલ્લાહ સ.અ. અને અમીરુલ મુમિનીન સ.અ. તમામ સાબિક દૌર ના મજમા (જમે કરનાર) છે અનવાર ના મજમા છે.

રસૂલુલ્લાહ ફરમાવે છે: શીઅતો અલીયિન હુમુલ ફાએઝુન. અલી ના શીઆ જીત પરામનાર છે. આપના આ એક કલામ માં સગલુ આવી ગયું, હક નો રસ્તો સગલા ને બતાવી દીધો.

રસૂલુલ્લાહ ફરમાવે છે કે સગલા અંબિયા ની ફઝીલત તરફ દેખવું હોઈ તો અલી ની તરફ દેખે. એ રિવાયત મૌલાના એ પઢી.

આકા મૌલા એ અમીરુલ મુમિનીન ની કિતનીક શાનાત બયાન ફરમાવી. આપ એ ફરમાવ્યું કે ફલક ઉલ મુહીત ની શાન છે. બાકિર ઇમામ એ ફરમાવ્યું કે અર્શ ના ચારે તરફ ૭૦૦૦૦ ફરિશ્તા અર્શના હર એક પાયા પાસ છે. એ સગલા ની ઈબાદત નથી મગર કે અલી નો ઈકરાર કરે છે.

અમીરુલ મુમિનીન ફરમાવે છે કે મારી વલાયત અંબિયા અવસિયા પર ફરઝ થઇ છે. અને ફરમાવ્યું કે મારો મંઝેલત (મકામ) એવો છે કે કોઈ બશર ના દિલ પર એનો ખતરો (ખયાલ) ભી ગુઝરે નહિ.

રસૂલુલ્લાહ એ ફરમાવ્યું કે જેને ખુદા એ અલી ની વલાયત ની રોઝી આપી હોઈ, ખુદા એ એને દુનિયા અને આખેરત માં ખૈર આપી દીધું છે.

મોહમ્મદ અને અલી બેવે મૌલા છે. એજ મિસલ મોહમ્મદ ના શેહઝાદી મૌલાતોના ફાતેમા મૌલાતુલ અબ્રાર છે, હસન હુસૈન બેવે મૌલા છે, ઇમામ બાદ ઇમામ, મૌલા બાદ મૌલા કાઈમ થાય છે. ઇમામ પરદા માં છે પણ દાવત કાયમ છે. દાઈ ને ઇમામ એ પોતાની ગાદી પર બિઠાયા છે. તે સી દાઈ ને મુમિનીન મૌલા માને છે. દાઈ પછી દાઈ મૌલા બાદ મૌલા, એક મૌલા બીજા મૌલા ની મિસલ છે. બયાન આવ્યું કે મન્સૂસ કાયમ ન કરે મગર કે જે સાહેબ એ શાનમાં હોઈ તેને. પોતાના મિસલ હોઈ. મૌલા પછી મૌલા, આપ ના હમશાન. એમ સિલસિલા ના ઈકરાર કરનાર કે મૌલા બાદ મૌલા અને એ સગલા ની મોહબ્બત કરનાર અપને છે.

રસૂલુલ્લાહ એ મૌલાના અલી ને ફરમાવ્યું કે શીઆ ને ખુદા એ અપની તીનત (માટી) ના ફઝલા (બાકી નો હિસ્સો) માં  સી પેદા કીધા છે. એજ માદ્દા ની બરકત ના સબબ મુમિન મૌલા ની મોહબ્બત કરે છે.

અલી ની કુનયત અબુ તુરાબ, યાની તુરાબ ના બાવા છે. તુરાબ ની માના શું કે મુમિન. મુમિન અમીરુલ મુમિનીન ના કદમ ની ખાક થાય તો એના નસીબ ની બલંદી કેહવાઈ. સૈયદના કુત્બુદ્દીન ફરમાવતા કે જે વખત સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન હજી મંસૂસ હતા, દાઈ ના રુતબા માં આપ હવે આવશે. મંસૂસ ની માના શું કે હવે દાઈ થશે. તો સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાથે સૈયદના કુત્બુદ્દીન પધારા હતા. ગદીરે ખુમ ની જગા માં સૈયદના કુત્બુદ્દીન એ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન ના કદમ ના નીચે ની ખાક (માટી) બરકત વાસ્તે લઇ લીધી. સૈયદના કુત્બુદ્દીન, મૌલાના બુરહાનુદ્દીન ના ઝમાન માં સૈયદના કુત્બુદ્દીન હજ વાસ્તે પધારા તો ગદીર ની જગા માં ઈદે ગદીર ખુમ

ના દિન વાઅઝ ફરમાવી અને મુમિનીન નો મીસાક લીધો હતો.

મૌલાના ત.ઉ.શ. એ ફરમાવ્યું કે હુસૈન ઇમામ ને કતલ કરવાની ગરઝ શું હતી કે નુબુવ્વત ના ઘર પર તાળા લાગી જાય. કોઈ મૌલા બાકી ન રહે. પણ હુસૈન જેવા હુસૈન હર ઝમાન માં ઈમામ મૌજૂદ છે.

હુસૈન ઇમામ ના રાસ ની બરકત સી રાહિબ ઈમાન લાયા એ ઝિકર મૌલાના ત.ઉ.શ. એ ફરમાવી.

આ આયત તિલાવત કીધી:

ذلك بان الله مولى الذين آمنوا وان الكافرين لا مولى لهم

અલ્લાહ ઈમાન ના લાવનાર લોગો ના મૌલા છે અને કાફેરીન ના કોઈ મૌલા નથી. મૌલા ના ૪ હક્ક છે. તેસી મૌલાના એ ૪ ફસલ બયાન ફરમાવી.

ફસલ ૧: મોહમ્મદ રસૂલુલ્લાહ મૌલા છે. વલાયત સી શરીઅત નું અમલ કબૂલ થાય છે. મૌલા છે તો સગલુ છે. “મન લહુલ મૌલા ફલહુલ કુલ”

અમીરુલ મુમિનીન મલાએકત ના દરમિયાન ફૈંસલો કરે છે. જિબરઇલ મલાએકત માં નેકતર છે. કેમકે હાશેમિયુલ મલાએકત છે.

ફસલ ૨: મૌલા કોણ કે અલી ઈબ્ને અબી તાલિબ. જ્યારે રુકૂ ની હાલત માં અમીરુલ મુમિનીન એ સાઇલ ને અંગૂઠી આપી તે વખ્ત આયાત ઉતરી એ ઝિકર મૌલાના એ ફરમાવી અને ફરમાવ્યું આ બતાવે છે કે મૌલા અલી છે.

અબ્દુલ્લાહ બિન અબ્બાસ સી અલી ના ઈલ્મ ની શાન ની ઝિકર આવી છે, એ ઝિકર મૌલાના એ ફરમાવી. અબ્દુલ્લાહ બિન અબ્બાસ ફરમાવે છે કે અલી ના સાથે મારી કોઈ સરખામણી છે જ નહીં.

સૈયદના કુત્બુદ્દીન મહુ પધારા થા. વહાં એક ભાઈ ને ફરમાવ્યું, બહાર ના મ્હોટા લોગો ના સાથે દાઈ ની સરખામણી કેમ કરો છો, એ લોકો ના સાથે દાઈ ની કોઈ સરખામણી છે જ નહિ. No comparison, એમ ફરમાવ્યું.

મૌલાના એ આ આયત પઢી:

ربنا آتنا في الدنيا حسنة وفي الآخرة حسنة

દુનિયા માં હસનત આપે એની માના શું કે અલી ની વલાયત. આખેરત માં શું કે જન્નત. અલી ની વલાયત ના સબબ જન્નત મળે છે.

રસૂલુલ્લાહ એ અમીરુલ મુમિનીન પર ગદીરે ખુમ માં નસ્સ ફરમાવી એ ઝિકર મૌલાના એ ફરમાવી. આ નસ્સ નું અમલ દિન ની મિસલ રોશન છે. વાઝેહ છે

પણ તે સાથ ઈશારો છે. રસૂલુલ્લાહ એ એમ જુમલા નથી વાપરા કે મારા પછી ખલીફા અલી છે.

આ ઝિકર સૈયદના ફખરુદ્દીન ત.ઉ.શ. એ કોર્ટ માં ભી ફરમાવી હતી. મુખાલેફીન બાતિલ ની વાતો કરે છે એના સી વાઝેહ થાય છે કે તે લોગો કિતના બાતિલ પર છે. કહે છે કે ઈશારા સી નસ્સ ન થઇ શકે, જ્યારે કે મીસાક માં એમ બયાન છે નસ્સ કરે યા ઈશારો કરે.

કિતનાક એ અમીરુલ મુમિનીન નો ઈકરાર કીધો અને મૌલાના અલી ને મુબારકબાદી આપી. પછી આપ ની ઘણી દુશ્મની કીધી, એ ઝિકર ફરમાવી.

સુલેમાન એ સૈયદના દાઉદ બિન કુતુબ શાહ નો ૩ વર્ષ તક દાઈ માની ને ઈકરાર કીધો અને સજદો બજાવ્યો છે. એ ઝિકર સૈયદના તાહેર સૈફુદ્દીન ફરમાવે છે. પછી ઝમાને હાલ ની ઝિકર ફરમાવતા હુવા સૈયદના ફખરુદ્દીન એ એમ ફરમાવ્યું કે એના સી

અકીદો મઝબૂત થાય, કોઈ શક શોબોહાત ની વાત હોઈ દૂર થાય. બાવાજીસાહેબ પર સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન એ નસ્સ કીધી, સૈયદના તાહેર સૈફુદ્દીન ઈશારાઓ સી કુત્બુદ્દીન મૌલા ની શાન દીખાવતા. સમજનાર સમજી ગયા. આજે દાવો કરી ને બેઠા છે. એ સગલા ના કાગઝો ભી છે અપના પાસે. જે વખત એ ખુદ ઈકરાર કરે છે તો એને શાહિદ સી દલીલ આપવાને શું ઝરૂરત છે. આ કાગઝો માં મુદ્દઈ સૈયદના કુત્બુદ્દીન ને વારંવાર મૌલા કહી ને ખિતાબ કરે છે. ઘણી સિફતો કરે છે. લખે છે કે સૈયદના કુત્બુદ્દીન સૈયદના તાહેર સૈફુદ્દીન અને સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન ના inspiration સી વાઅઝ કરે છે અને ખુદ ને સૈયદના કુત્બુદ્દીન ના ગુલામ કહે છે. કાગઝો માં આ મિસલ જુમલા લખે છે કે આપનો ગુલામ મુફદ્દલ સૈફુદ્દીન છે. આપ બેવે મૌલા - સૈયદના બુરહાનુદ્દીન અને સૈયદના કુત્બુદ્દીન - ને ખુદા કયામત ના દિન લગ બાકી રાખજો. આ મિસલ સી અદા કરે

છે. જેમ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન ને, એમ સૈયદના કુત્બુદ્દીન ને મંસૂસ માની ને મૌલા કહે છે.

મૌલાના એ ફરમાવ્યું કે હમે દેખું છે કે વરસો સી બાવાજીસાહેબ ને સજદો કરતા. સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન એ ફરમાવ્યું કે સજદો કોને થાય કે દાઈ ને થાય અને મંસૂસ ને થાય.

આ સગલા એ બવાજીસાહેબ નો ઈકરાર કીધો, પછી તકબ્બુર આવી ગયું. સગલા સજદો કરીને સૈયદના કુત્બુદ્દીન ને કદમબોસ થાતા. સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન ના સામને સજદો કરતા. મિયાસાહેબ ઈબ્રાહીમ યમાની (જે સૈયદના તાહેર સૈફુદ્દીન અને સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન ની ખિદમત ઘણા વર્ષો તક કીધી) ભી સજદો કરતા. આ સગલા ઈકરાર કરા પછી શહાદત કેની માંગે છે?

ફસલ ૩: હર ઝમાન માં મૌલા ઈમામ ઉઝ ઝમાન છે. મૌલા બીજા મૌલા ને કાયમ કરે, નસ્સ કરે. બતાવે કે આ મારા વારિસ છે. ઘણી વાર એમ બને કે જાહરન નસ્સ ફરમાવે (બધા ના સામને), જેમ રસૂલુલ્લાહ એ ૭૦૦૦૦ ના દરમિયાન નસ્સ કીધી. ઘણી વાર એમ બને કે થોડાજ જણ ને ખબર હોઈ. ઘણી વાર એમ ભી બને કે ફકત મન્સૂસ જ શાહિદ હોઈ.

સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન ના મિઝાજ પર ગિરાની થઇ. એ લોકો એ ૪૮ કલાક વાસ્તે સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન ને ઘર માં જ રાખા, પાણી અને જમન વગર, પછી હોસ્પીટલ લઇ ગયા. ખબર પડી ગઈ અંદર ની વાતો. દુશ્મની કરે તો શું કરશે?

નાસ અને મંસૂસ ફકત અકેલા માં નસ્સ કીધી હોઈ એ ભી નસ્સ કેહવાઈ અને એમ નસ્સ થઇ છે દાવત ની તારીખ માં. ઘણા મિસાલ મોજૂદ છે.

સૈયદનલ કાઝી અલ નોમાન કિતાબ અલ-મજાલિસ વલ મુસાયરાત માં કાઇમ ઇમામ એ મન્સુર ઇમામ પર ખાનગી માં નસ્સ કીધી એ ઝિકર ફરમાવી છે.

કોણ કહી શકે કે આમ થાય આમ ન થાય. ઇમામ જાને છે કે નસ્સ કેમ થાય. હિકમત નો મુકતદા શું છે નસ્સ કરનાર સાહેબ જાને છે.

મન્સુર ઇમામ ફરમાવે છે કે કાઇમ ઇમામ એ મારા પર ખલવત માં નસ્સ કીધી. કાઇમ ઈમામ અને મારા સિવા નસ્સ ની કોઈ ને ખબર ન કીધી. બીજા ભાઈઓ દાવત માં નુકસાન કરે, ફસાદ કરે, જે દૌલત, જે દાવત કાઇમ ઇમામ ના પછી મારા વાસ્તે છે.

મૌલાના એ ઝિકર કીધી કે જ્યારે આપ એ કોર્ટ માં જવાબ દીધો કે રસુલુલ્લાહ સ.અ. એ ફરમાવ્યું છે કે "અલ મુમિનો વહદહૂ જમાઅત." (એક મુમીન ભી જમાઅત છે) તો સગલા ની બોલતી બંધ થઇ ગઈ.

મૌલાના એ ઝિકર ફરમાવી કે જે વખત ઇમામ મન્સુર વફાત થયા ત્યારે મોઈઝ ઇમામ એ સૈયદનલ કાઝી અલ-નોમાન ને ફરમાવ્યું કે “મૌલાક મદા વ મૌલાક બકી.” એક મૌલા વફાત થયા અને એક મૌલા બાકી છે.

આમિર ઇમામ ના હુકુમ સી કિતાબ લખાયા ‘હિદાયત આમેરીયા’. એ કિતાબ માં હુજ્જત એમ કીધી છે કે નસ્સ કીધા પછી તે બદલાઈ જ નહિ. અને મુસ્તાઅલી ઇમામ હક ના ઇમામ છે.

ફસલ ૪: દાઈ ને ઇમામ એ પોતાની ગાદી પર બેઠાયા છે. દાઈ ઇમામુઝ ઝમાન ના મમલૂક છે. ઇમામ ની ગાદી પર છે તો મુમિનીન એને મૌલા કહે છે.

દાઈ પછી દાઈ, આકા પછી આકા, આયત પછી આયત, નૂર પછી નૂર, મૌલા પછી મૌલા, એમ મૌલાના એ ફરમાવ્યું.

આકા મૌલા એ સૈયદના જલાલ ના સપના ની ઝિકર ફરમાવી : કે ઇમામુઝ ઝમાન આપ ના ખ્વાબ માં પધારા અને બંને દાઉદૈન પર નસ્સ કરવાનું ફરમાવ્યું. ઘણી ઝિકરો છે કે નાસ એ આપ ના મંસૂસ ને ફરમાવ્યું કે આ સાહેબ ને કાયમ કરજો. તમારા ગરદન માં આ વાત મુકું છું. મન્સૂસ એજ મિસલ અમલ કરે, કેમ નહિ, ફૈઝ અને તાઈદ સી ફરમાવે છે.

સૈયદના ફખરુદ્દીન એ આપના પર કુત્બુદ્દીન મૌલા એ નસ્સ કીધી એ ઝિકર ફરમાવી.

સૈયદના કુત્બુદ્દીન અમેરિકા માં તશરીફ રાખતા હતા તે વખ્ત આપ ના મિઝાજ પર ગિરાની થઇ. સૈયદી ફખરુદ્દીન શહીદ ના ઉરુસ ના મુબારક દિન માં

કુત્બુદ્દીન મૌલા એ મમલૂકો આલે મોહમ્મદ ને ઇમામુઝ ઝમાન ની નિયાબત ના શરફ સી ખાસ કીધા. આપ નો જીતનો શુકુર કરૂં ઈતનો કમ છે.

આકા મૌલા એ ફરમાવ્યું કે મેં મારા મૌલા ઇમામુઝ ઝમાન પર કુરબાન થઇ જાઉં. મુમિનીન મુમિનાત સગલા મારા સાથે યહાં અને તમામ બિલાદ ઈમાનીયા માં છે. આજ મેં દાવત કરૂં છું. ઝિકર છે "મન શાઅ ફલયુમિન વમન શાઅ ફલયકફુર" ચાહો તો ઈમાન લાવે ચાહો તો કુફુર કરે. જે સગલા માને એના વાસ્તે જન્નત છે. લબ્બૈક યા દાઈયલ્લાહ કહે એના વાસ્તે જન્નત છે.

શૈતાન ના હીલાઓ કિસમ કિસમ ના હોઈ છે. એક આબિદ જે વર્ષો સી બંદગી કરતા એને ઇબ્લીસ એ તપિયા ની સૂરત માં આવી ને બહેકાવી દીધા એ ઝિકર ફરમાવી.

હમેશા - અઉઝોબીલ્લાહે મિન અશ-શૈતાનિર રજીમ, બિસ્મિલ્લાહ અર-રહમાન અર-રહીમ, એમ પઢે.

જે મૌલા માને છે તાઅત કરે છે મોહબ્બત કરે છે એનો બદલો શું મળે છે, એમાં હદીસે કુદસી ની ઝિકર મૌલાના ત.ઉ.શ. એ ફરમાવી, કે બની આદમ તાઅત કરશે તો ખુદા એને હમેશા વાસ્તે ઝિંદા કરી દેશે.

હમ્દ સલવાત અને દોઆઇયા કલેમાત ના બાદ મૌલાના એ ઇમામ હુસૈન ની શહાદત પઢી અને અમીરુલ મુમિનીન મૌલાના અલી સ.અ. ની પુર દર્દ શહાદત પર વાઅઝ મુબારક તમામ કીધી. મુમિનીન ઘણા રોયા અને ઘણો માતમ કીધો.